# કર્તવ્યનિષ્ઠા અને સેવાથી પ્રખ્યાત



**કનુ મોદી**
◆
**અંબિકા ઓટો**

સુરતમાં ટાટાની કાર તો માત્ર અંબિકા ઓટોથી જ. કહેવાય છે કે, રતન ટાટાએ જ્યારે દરેકના ઘરે ફોરવ્હીલનું સ્વપ્ન જોયું હતું ત્યારે તેમની સાથે તેમના જ એક ડિલરે ખૂબ સુંદર સોણું સેવ્યું હતું અને તે કે ટાટા મોટર્સના કોઇ પણ કસ્ટમરને સર્વિસીસમાં ક્યારેય કોઇ ફરિયાદ ન રહે. જી હાં, આ સપનું જોયું હતું અંબિકા ઓટો મોબાઇલના કનુભાઇ મોદીએ.

કનુભાઇ મોદી અંબિકા ઓટોની શરૂઆતની વાત કરતા ભૂતકાળના વર્ષ ૧૯૬૨નું સ્મરણ કરતાં કહે છે કે, ''તેમના પિતા વિનુભાઇ મોદીએ વર્ષ ૧૯૬૨માં નાના પાયેથી અંબિકા ઓટોનો પાયો નાખ્યો હતો.'' તેમની પ્રામાણિકતા, વેપારનીતિથી અંબિકા ઓટો આજે સમગ્ર સાઉથ ગુજરાતનું પોતીકું છે. નેશનલ હાઇવે નંબર આઠ પાસે કામરેજ પાસે પેટ્રોલ પંપની શરૂઆત કરતા અમે સાઉથ ગુજરાતમાં અમારી પાંખો ધીમે ધીમે ફેલાવી હતી.

પરંતુ અંબિકા ઓટોની સફળતા અહીં સુધી થોડી અટકવાની હતી. ૧૫મી ઑગષ્ટ ૨૦૦૦ની સાલમાં ટાટા કોમર્શિયલ વ્હિકલની ડિલરશીપ અંબિકા ઓટોને મળી. આજે અંબિકા ઓટોના સાત શો રૂમ છે, વર્કશોપ છે એટલું જ નહીં, અંબિકા ઓટોનો સૌથી મોટો પ્લસ પોઇન્ટ છે તેમની ડોરસ્ટેપ સર્વિસીસ જેનાથી અંબિકા ઓટોની વિશ્વસનીયતામાં ખૂબ જ વધારો થયો છે. આ અંગે કનુભાઇ મોદી કહે છે, ''અમારી સર્વિસ અમારી ઓળખ છે. અમારા એથિક્સ, ક્લાયન્ટ સાથે પ્રામાણિક રહેવું અને તેમની ફરિયાદોને ધ્યાને લેવી એ અમારો સિધ્ધાંત છે.''

આજે સમગ્ર સાઉથ ગુજરાતની ઓટો ડિલરશીપમાં કોઇ નંબર વન પર હોય તો તે માત્ર અંબિકા ઓટો છે. પોતાના વિઝન વિશે આગળ વાત કરતા કનુભાઇ મોદી કહે છે કે, ''શરૂઆતના કપરાં દિવસો કોઇ પણ કંપનીના રહેતા જ હોય છે પરંતુ અમે હંમેશાં અમારા અસુલ પર કાયમ રહયા છીએ. કસ્ટમરનો સંતોષ એ અમારું પહેલું ધ્યેય છે અને આના કારણે અમને ટાટા મોટર્સ દ્વારા અમારા વિવિધ ક્ષેત્રે અમને એવોર્ડ પણ એનાયત થયા છે. આજે અમે જે કંઇ પણ છીએ તે માત્ર અમારા કસ્ટમરના લીધે છીએ. આ કસ્ટમરે જ અમને આટલી ઊંચાઇઓ સુધી પહોંચાડ્યા છે અને અમારા વિઝન પર આગળ ધપવા માટે અમને હંમેશાં પ્રોત્સાહિત કરી રહયા છે. અમારું વિઝન છે કે, અમે દુનિયાની નંબર વન ડિલરશીપ તરીકે ઓળખાઇએ અને તે પણ અમારી શ્રેષ્ઠ સર્વિસ અને કસ્ટમરના સેટીસફેક્શનથી. અમે હંમેશાં અમારા ફાયદા કરતાં વધારે કસ્ટમરનો સંતોષ અગ્રેસર રાખીએ છીએ.

એવું નથી કે અંબિકા ઓટો માત્ર બિઝનેસ જ કરે છે પરંતુ અંબિકા ગ્રુપ તેના સોશિયલ વર્કમાં પણ અવ્વલ છે. અંબિકા ઓટો તેની કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબ્લીટી માટે ખૂબ જ આગળ છે અને તે કાર્યને તેઓ પોતાના વ્યવસાય કરતા પહેલા આ સોશિયલ વર્કને ધ્યાનમાં રાખે છે. સુરતની પોતાની, સુરત દ્વારા બનેલી અંબિકા ઓટો જ્યારે સમગ્ર સાઉથ ગુજરાતમાં વિસ્તરીત થઇ છે ત્યારે સુરતની ધરા પણ મોદી પરિવાર માટે ધન્યતા અનુભવતી હશે. અંબિકા ઓટોની સફળતા તેના કર્તવ્યનિષ્ઠા અને સેવાકીય સ્વભાવને કારણે વડોદરાથી લઇને સમગ્ર સાઉથ ગુજરાતમાં પ્રખ્યાત છે.

અંબિકા ઓટો તેની કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબિલિટી માટે ખૂબ જ આગળ છે અને તે કાર્યને તેઓ પોતાના વ્યવસાય કરતા પહેલા આ સોશિયલ વર્કને ધ્યાનમાં રાખે છે

વધુ જાણવા QR સ્કૅન કરો



Perfection has to do with the end product, but excellence has to do with the process. - Jerry Moran